## શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે “વર્લ્ડ સોઇલ ડે ” નિમિતે પોસ્ટર સ્પધાનો કાર્યક્રમ યોજાયો















૫ ડિસેમ્બર ને યુનાઈટેડ નેશન્સ દ્વારા “વર્લ્ડ સોઇલ ડે” તરીકે ઉજવવા વર્ષ ૨૦૧૩ થી જાહેર કરાયેલ છે. એફ.એ.ઓ. (ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન) દ્વારા વર્ષ ૨૦૨૧ માટે “હોલ્ટ સેલિનાઇઝેશન, બુસ્ટ પ્રોડક્ટીવીટી” થીમ રાખવામા આવેલ છે. જે આધારીત તા.0૩/૧૨/૨૦૨૧ ના રોજ શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે પોસ્ટર સ્પર્ધા નું આયોજન આચાર્યશ્રી ડૉ. બી. એચ. પંચાલના માર્ગદર્શન હેઠળ એસ.આર.સી. ચેરમેન ડૉ. આર. જે. મકવાણા દ્વારા કરવામાં આવ્યુ હતુ. પ્રતિયોગિતામાં કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનાર વિદ્યાર્થીઓએ જજ કમિટી સમક્ષ તેમના પોસ્ટર રજૂ કરેલ. જેમાથી પ્રતિયોગિતાની જજ કમીટી દ્વારા પ્રથમ, દ્વિતીય અને

તૃતીય સ્થાન મેળવનાર પોસ્ટર્સ આગળ યુનિવર્સિટી ખાતે આંતર પોલિટેક્નિક લેવલ તેમજ રાજ્ય કક્ષાએ (એસ.એ.યુ.) ભાગ લેવા મોકલાયેલ. જેમાથી અત્રેની કોલેજમાં ત્રીજા સત્રમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ભાવિકા વાસણ, આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે તૃતીય તેમજ ગુજરાત રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં આંતર પોલિટેકનિક ગ્રુપ માં દ્વિતીય સ્થાન મેળવેલ છે. વધુમાં વડોદરા કેમ્પસ મોડેલ ફાર્મ ખાતે વિધાર્થી તેમજ વિદ્યાર્થીનીઓ દ્વારા “વર્લ્ડ સોઇલ ડે” ઉજવણી તરીકે “વન સ્ટુડન્ટ, વન ટ્રી” પ્રોગ્રામ હેઠળ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મળીને કુલ ૧૦૪ જેટલા ચંપા, કોર્ડિયા, આસોપાલવ, બોગનવેલના જેવા વિવિધ સુશોભન છોડની રોપણી કરવામાં આવી.